# વર્ષ ૨૦૧૮-૧૯

# લઘુતમ ટેકા ના ભાવે મગફળી ની

# ખરીદી અંગે ની

# માર્ગ-દર્શીકા

## નાફેડ

## ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ

## ગુજરાત રાજ્ય વખાર નિગમ

## ખેતી નિયામક શ્રી

## કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

| અનુક્રમણિકા | | |
|---|---|---|
| **ક્રમ** | **વિષય** | **પાનાં નં** |
| ૧ | પ્રસ્તાવના | ૩ |
| ૨ | વ્યાખ્યા | ૩ |
| ૩ | ટેકાના ભાવની જાહેરાત | ૫ |
| ૪ | ફોર્મ નંબર ૧૨ પહાણીપત્રકમાં પાકની નોંધણી | ૬ |
| ૫ | પ્રચાર અને પ્રસાર | ૬ |
| ૬ | ટેકાના ભાવે ખરીદી કરવા માટે એજન્સીની પસંદગી | ૭ |
| ૭ | ખરીદ કેન્દ્રોની પસંદગી અને જાહેરાત | ૭ |
| ૮ | નોંધણી પ્રક્રિયા સ્ટાફની નિમણુક | ૯ |
| ૯ | ખરીદી એજન્સી દ્વારા ખરીદ કેન્દ્ર ખાતે સ્ટાફની નિયુક્તિ | ૧૦ |
| ૧૦ | ખેડૂતોને ખરીદી માટે સમયની જાણ | ૧૨ |
| ૧૧ | ખરીદ કેન્દ્ર ખાતે ખેડૂતોનું આગમન | ૧૨ |
| ૧૨ | ગુણવત્તાની ચકાસણી | ૧૩ |
| ૧૩ | તોલ અને ખરીદી | ૧૪ |
| ૧૪ | ખરીદ મર્યાદા | ૧૬ |
| ૧૫ | ખરીદ પ્રક્રિયાનું સર્વેલન્સ | ૧૬ |
| ૧૬ | ખરીદી કરેલ ખેત ઉત્પાદન મગફળી નું પેકિંગ માટે બારદાનની ઉપલબ્ધી | ૧૭ |
| ૧૭ | ખેત ઉત્પાદન મગફળી ની ભરતી | ૧૮ |
| ૧૮ | બારદાન સાથે રાખવાની થતી માહિતી | ૧૮ |
| ૧૯ | વેરહાઉસ ખાતે સ્ટાફ ની નિમણૂક | ૧૯ |
| ૨૦ | સ્ટોરેજ માટે વેરહાઉસની પસંદગી | ૧૯ |
| ૨૧ | વેર હાઉસ ખાતે ખરીદ કરેલ જથ્થો પહોંચતો કરવો | ૨૧ |
| ૨૨ | વેરહાઉસ ખાતે ખરીદ કરેલ જથ્થાનો સંગ્રહ કરવો | ૨૧ |
| ૨૩ | વેરહાઉસ રીસીપ્ટ અને ઇન્સ્યોરન્સ | ૨૨ |
| ૨૪ | ટ્રાન્સપોર્ટેશન | ૨૨ |
| ૨૫ | ખેડૂતોને ચુકવણું | ૨૩ |
| ૨૬ | ખરીદ પ્રક્રિયાનું મોનીટરીંગ | ૨૩ |
| ૨૭ | નાણાકીય કાર્યરિતી | ૨૪ |

## ૧. પ્રસ્તાવના

ભારત સરકાર દ્વારા ખેડૂતોને તેમના ખેત-ઉત્પાદનોના પોષણક્ષમ મૂલ્ય મળી રહે તે માટે કમિશન ફોર એગ્રીકલ્ચર કોસ્ટ એન્ડ પ્રાઇસીઝ (સી.એ.સી.પી.)ની ભલામણને આધારે ૨૨ પાક માટે મીનીમમ સપોર્ટ પ્રાઇસ એટલે કે લઘુતમ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે. નક્કી કરેલ પાકના ભાવ બજારમાં એમએસપી મૂલ્યથી નીચે જાય ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકાર મારફત નક્કી કરેલી એજન્સીઝ દ્વારા ખરીદી કરવામાં આવે છે.

## ૨. વ્યાખ્યા

**૨.૧** ટેકાના ભાવ: ટેકાના ભાવ કે જે ભારત સરકાર દ્વારા સીએસીપી ની ભલામણના આધારે નક્કી કરવામાં આવે છે અને જે તે વર્ષની ખરીફ અને રવિ ઋતુની પહેલા જાહેર કરવામાં આવે છે.

**૨.૨** ટેકાના ભાવે ખરીદી: બજારભાવ જ્યારે ટેકાના ભાવથી નીચા જાય ત્યારે ખેડૂતોને પોષણક્ષમ મૂલ્ય મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા નિયત પધ્ધ્તિ મુજબ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે.

**૨.૩** સેન્ટ્રલ નોડલ એજન્સી: સેન્ટ્રલ નોડલ એજન્સી એટલે કે એવી એજન્સી જેની ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ હેઠળ ખરીદ કરવા માટે પસંદગી કરવામાં આવી હોય.

**૨.૪** સ્ટેટ લેવલ એજન્સી: રાજ્યમાં ટેકાના ભાવે ખરીદી માટે નિયુક્ત સેન્ટ્રલ નોડલ એજન્સી ધ્વારા ખરીદ પ્રક્રિયા માટે રાજ્ય સરકારના પરામર્શ માં રહી નક્કી કરવામાં આવતી સ્ટેટ લેવલ એજન્સી, જે સેન્ટ્રલ નોડલ એજન્સી ધ્વારા કરારથી જોડાય છે.

કેન્દ્ર સરકારની એજન્સી તરીકે નાફેડ અને ગુજરાત સરકારની એજન્સી તરીકે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ., ની પસંદગી થયેલ છે.

**૨.૫** ખરીદ કેન્દ્ર: એપીએમસી ખાતેના અથવા એપીએમસી બહાર સરકાર દ્વારા નિયત થયા મુજબના એવા કેન્દ્રો કે જેને જે તે ઋતુ માટે ખેતપેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવા માટે નિયુક્તિ કરવામાં આવી હોય.

**૨.૬** ફેર એવરેજ ક્વોલીટી (એફ.એ.ક્યુ) : ખેત જણસીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે નિયત કરવામાં આવેલી ઓછામાં ઓછી ગુણવત્તાનું ધોરણ.

**૨.૭ નોંધણી પ્રક્રિયા** : ટેકાના ભાવે ખેતપેદાશનું વેચાણ કરવા માટે ઇચ્છુક ખેડૂતે જરૂરી જમીન ધારક્તા, ઓળખના પુરાવા તેમજ પાક વાવણી અંગેના પુરાવા સહિતની વિગતો સાથે નક્કી કરેલાં કેન્દ્રો ખાતે નિયત થયેલી પદ્ધતિ મુજબ કરાવવાની થતી નોંધણી પ્રક્રિયા.

આ નોંધણી પ્રક્રિયા સરકારશ્રી ના NIC ના આઈ-પીડીએસ સૉફ્ટવેરમાં થશે.

આ નોંધણી પ્રક્રિયા દરેક ખરીદ કેન્દ્ર ના એપીએમસી ખાતે જ કરવાની રહેશે.

આ નોંધણી માટે આવતા ખેડૂતે નિયત ડોક્યુમેન્ટ/દસ્તાવેજ ઝેરોક્ષ નકલમાં સાથે રાખવાના રહેશે અને કેન્દ્ર ખાતે જમા કરાવવાના રહેશે. આ નોંધણી પ્રક્રિયા અંગે સબંધિત સ્ટાફ ને પૂરતી તાલીમ આપવાની રહેશે. જે અન્વયે માસ્ટર ટ્રેનર્સ ને તાલીમ આપ્યા બાદ તેઓએ જીલ્લા કક્ષાએ તાલીમ આપવાની રહેશે

**૨.૮** ભરતી : જે તે ખેતપેદાશની ટેકાના ભાવની માર્ગદર્શિકા મુજબ પ્રત્યેક બોરીમાં મહત્તમ ભરવાનો થતો જથ્થો ૩૫ કિગ્રાની ભરતી નો રહેશે.જે પાકના

અંદાજિત કુલ ઉત્પાદનના મહત્તમ ૨૫ % મર્યાદા રહેશે. કુલ ઉત્પાદનના ૨૫ % ની મર્યાદા જે તે જિલ્લાને પણ લાગુ પડશે અને જિલ્લાના અંદર ખરીદી માટેનું આયોજન, કેન્દ્રોની સંખ્યા અને જિલ્લાના કુલ ઉત્પાદનના મહત્તમ ૨૫% ના જથ્થાની ગણતરીના આધારે કરવાનું રહેશે.

પ્રતિ ખેડૂતના મગફળીના વાવેતર વિસ્તારની મર્યાદામાં હેક્ટર દીઠ મહત્તમ ૧૮૩૬ કિગ્રા મગફળીનો જથ્થો ખરીદી શકાશે.

પ્રતિ ખેડૂત પાસેથી પ્રતિ દિન મહત્તમ ૨૫૦૦ કિગ્રા મગફળી ખરીદી શકાશે. મગફળી પ્રતિ બોરી ૩૫ કિગ્રાની ભરતી રહેશે.

**૨.૯** ખરીદી માટેનો સમયગાળો :જે તે ખેતપેદાશ માટે રાજ્યના આધારે તેમજ સ્થાનિક પરિસ્થિતિ તેમજ ઉત્પાદન અંગેની સ્થિતિના અંદાજોના આધારે ભારત સરકાર દ્વારા ખરીદીનો સમયગાળો નક્કી કરવામાં આવે છે.

તા. 15/11/2018 થી જે-તે ખરીદ કેન્દ્ર પર ખરીદીની કામગીરી નો સમયગાળો નક્કી કરવામાં આવેલ છે.

## ૩. ટેકાના ભાવની જાહેરાત

ટેકાના ભાવની જાહેરાત જે તે ઋતુની પહેલા ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ ખરીફ અને રવી માટે ભારત સરકાર દ્વારા ટેકાના ભાવની જાહેરાત કરી દેવામાં આવેલ છે. ટેકાના ભાવ હેઠળ જાહેર થયેલી ખેતપેદાશોના બજાર ભાવ ટેકાના ભાવ થી નીચા જાય તેવા કિસ્સામાં ખેડૂતોને પોષણક્ષમ મૂલ્ય મળી રહે અને સરકારના હસ્તક્ષેપથી બજાર ભાવ ઊંચા આવે તે હેતુથી સરકાર

શ્રી એ મગફળી ના ટેકાના ભાવે ખરીદીની જાહેરાત કરેલ છે તે મુજબ પ્રતિ ક્વિન્ટલ રૂ ૫૦૦૦ એટ્લે કે મણના રૂ ૧૦૦૦ લઘુતમ ટેકા ના ભાવો જાહેર કરેલ છે

ટેકાના ભાવે ખરીદીની જાહેરાતથી જેમ બને તેમ ઓછા સમયગાળામાં ખરીદ કેન્દ્રોની પસંદગી કરી ખેડૂતોની નોંધણીની શરૂઆત આ ખરીદ કેન્દ્ર મારફત કરવાની રહેશે.

## ૪ ફોર્મ નંબર ૧૨ પહાણીપત્રકમાં પાકની નોંધણી

રેવન્યુ વિભાગ દ્વારા ક્ષેત્રીય માળખા દ્વારા ફોર્મ નંબર ૧૨ ની નોંધણી કરવામાં આવે છે. જેમાં જે તે ઋતુમાં ખેડૂતે પોતે ધારણ કરેલી જમીનમાં કયા પાકની વાવણી કરવામાં આવેલ છે તેની નોંધ કરવામાં આવે છે.

ટેકાના ભાવે વેચાણ માટે ફોર્મ નંબર ૧૨ પાકની નોંધણી થયેલ જરૂરી હોય રેવન્યુ વિભાગ સમયસર પહાણીપત્રક લખાય તે માટે તંત્રને સૂચના આપવી જોઇશે.

કોઈ કિસ્સામાં પહાણીપત્રકમાં પાકની નોંધણી ન થઈ હોય તો તલાટી દ્વારા જે તે જમીન ઉપર સર્વે નંબર સહિતની વિગતો સાથે જે તે સર્વે નંબર પૈકીના કેટલા વિસ્તારમાં કયા પાકની વાવણી કરવામાં આવી છે તેનો દાખલો આપવાનો રહેશે. ખેડૂતે આ દાખલો ટેકાના ભાવની ખરીદ પ્રક્રિયામાં રજુ કરવાનો રહેશે.

## ૫.પ્રચાર અને પ્રસાર

કૃષિ વિભાગે વિવિધ માહિતી સ્રોત મારફત જે તે ખેતપેદાશની ખરીદી માટેનો સમયગાળો અને તે અંગે અનુસરવાની થતી પ્રક્રિયા વિશે ખેડૂતોને માહિતગાર કરાવવાના રહેશે.

## ખરીદી માટે નો સમય ગાળો તારીખ ૧૫-૧૧-૨૦૧૮ થી ૯૦ દિવસ

## ૬ ટેકાના ભાવે ખરીદી કરવા માટે એજન્સીની પસંદગી

ભારત સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવા માટે નોડલ એજન્સી તરીકે નાફેડ ની પસંદગી કરવામાં આવેલ છે. તથા રાજ્ય સરકારે સ્ટેટ નોડલ એજન્સી તરીકે

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ ની પસંદગી કરેલ છે

સેન્ટ્રલ નોડલ એજન્સીએ ટેકાના ભાવે ખરીદીની જાહેરાતથી પંદર દિવસની મર્યાદામાં રાજ્ય કક્ષાએ રાજ્ય સરકારના પરામર્શમાં રહી રાજ્યકક્ષાની એજન્સીની સાથે એમ.ઓ.યુ. કરવાના રહે છે.

## ૭ ખરીદ કેન્દ્રોની પસંદગી અને જાહેરાત

ટેકાના ભાવે ખરીદી માટે પસંદગી પામેલ એજન્સીએ રાજ્ય સરકાર શ્રી ની સાથે રહી ખરીદ કેન્દ્રોની પસંદગી કરવાની રહે છે.

**૭.૧** રાજ્ય સરકારે સ્ટેટ નોડલ એજન્સી તરીકે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ ની પસંદગી કરેલ છે અને ગુ.રા.ના.પુ.ની દ્વારા ખેતી નિયામક શ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ થી મળેલ વિગતો અનુસાર રાજ્ય ના જુદા જુદા વિસ્તારો માં વાવેતર ની વિગતો ના આધારે ૧૨૨ ખરીદ કેન્દ્રો ની પસંદગી કરેલ છે તેમાં સબંધિત જીલ્લા કલેકટર શ્રી ના સૂચન આધારે વધારો થવાની શક્યતા છે.

ટેકાના ભાવ હેઠળ કરવાની થતી ખરીદીની પ્રક્રિયા ચાલુ રહેતી પ્રક્રિયા હોય એપીએમસી ખાતે ખરીદ કેન્દ્ર સ્થાપી ને આવા કાયમી સ્થપાયેલા કેન્દ્રો પૈકી જે તે સમયે જરૂરિયાત મુજબના કેન્દ્રો ટેકાના ભાવની ખરીદી હેઠળ ઓપરેટ કરી શકાય.

**૭.૨** રાજ્યમાં જિલ્લાવાર ઉત્પાદનની સ્થિતિના અંદાજ અને જિલ્લામાં સ્થાનિક લેવલના ઉત્પાદનોના અંદાજને પારખીને ખરીદ કેન્દ્રોની સંખ્યા અને સ્થળ નક્કી કરવાના રહેશે.

**૭.3** રાજ્યમાં કુલ કેટલા ખરીદ કેન્દ્રો અને ક્યા જિલ્લામાં કેટલા કેન્દ્રો શરૂ કરવા તે નિર્ણય સ્ટેટ લેવલ મોનીટરીંગ કમિટી (SLMC) કરશે.

**૭.૪** સ્ટેટ લેવલ મોનીટરીંગ કમિટી ધ્વારા જિલ્લાઓ માટે નક્કી કરવામાં આવેલ ખરીદ કેન્દ્રોની સંખ્યાને આધારે જિલ્લામાં ક્યા તાલુકામાં ખરીદ કેન્દ્રો ખોલવા તે નિર્ણય ડિસ્ટ્રીકટ લેવલ મોનીટરીંગ કમિટી(DLMC)કરશે.

**૭.૫** જે તાલુકામાં એ.પી.એમ.સી. ના હોય તે કિસ્સામાં નજીકના તાલુકાની એ.પી.એમ.સી. ખાતેના ખરીદ કેન્દ્રમાં જે તાલુકામાં એ.પી.એમ.સી. નથી તે તાલુકાના ખેડૂતોના ખેત ઉત્પાદનની ખરીદી કરવાની રહેશે. આ માહિતી ખેડૂતો સુધી પહોંચે એ મુજબનું આયોજન કરવું જોઇશે.

**૭.૬** ખરીદ કેન્દ્રોની પસંદગી થતાં ખરીદ કેન્દ્રોના સરનામા સહિતની વિગતો વેબ સાઈટ ઉપર અપલોડ કરવાની થશે અને સ્થાનિક કક્ષાએ ખેડૂતોને આ અંગેની જાણ થાય તે રીતે કાર્યવાહી કરવાની રહેશે.

**૭.૭** ખરીદ કરનાર કેન્દ્ર ખાતેની નિયુક્ત એજન્સીએ એ.પી.એમ.સી. ખાતે લાયસન્સ મેળવવાનું રહેશે.

**૭.૮** આ લાયસન્સ સમયમર્યાદામાં મળે તે જિલ્લા રજિસ્ટ્રારએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

## ૮ નોંધણી પ્રક્રિયા સ્ટાફની નિમણુક

નોંધણી પ્રક્રિયા તારીખ ૧-૧૧-૨૦૧૮ થી ૩૦-૧૧-૨૦૧૮ રહેશે

દરેક ખરીદ કેન્દ્ર ખાતે સબંધિત જિલ્લા કલેકટરશ્રી નીચે મુજબની વિગતે તા.૨૭-૧૦-૨૦૧૮ સુધીમાં નોંધણી પ્રક્રિયા માટે રોટેશન મુજબ સ્ટાફની નિમણુક તથા તેના હુકમની નકલ અત્રેને મોકલવાની રહેશે.

નોંધણીની પ્રક્રિયા માટે દરેક ખરીદ કેન્દ્ર દીઠ ઓછા મા ઓછા પાંચ ટેબલ રાખવાના રહેશે.

### ૮.૧ દરેક ટેબલ પર નીચે મુજબ કર્મચારી રહેશે

નિગમના ગોડાઉનમાં નિયુક્ત ક્લાર્ક /આસીસ્ટેન્ટ

APMC ક્લાર્ક / સહકાર વિભાગ

તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી અથવા સીનીયર / જુનીયર ક્લાર્ક
મામલતદાર કચેરી/ તાલુકા પંચાયત કચેરી માંથી લેવા પાત્ર સરકારી કર્મચારી
કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર (નિગમ વ્યવસ્થા કરશે )

ઉપરોક્ત વ્યવસ્થા સુચારૂ રૂપે થાય તે માટે કલેકટરશ્રી વિવેક બુધ્ધી અનુસાર ફેરફાર કરી શકશે

### ૮.૨ નીચે મુજબના ડોક્યુમેન્ટ/દસ્તાવેજ ઝેરોક્ષ નકલ કે જેમાં

આધાર કાર્ડની નકલ

અધ્યતન ૭-૧૨ , ૮-અ રેકોર્ડ્સ ની નકલ

ફોર્મ નંબર ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઇ હોય તો જ પાક વાવ્યા અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો

ખેડૂતના નામે IFSC સહિતની બેન્ક એકાઉન્ટની વિગતો માટે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક ની નકલ

ખેડુતદ્વારા રજીસ્ટ્રેશન થતાં જ આધાર કાર્ડ અને ૭-૧૨ ફ્રીઝ થઈ જશે. જેથી ડુપ્લીકેટ રજીસ્ટ્રેશન અટકાવી શકાય.

આધાર કાર્ડ સિવાય નોંધણી થઈ શકશે નહિ.

ટેકાના ભાવે મગફળી વેચવાની ઈચ્છા ધરાવનાર દરેક ખેડૂતે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત રહેશે .

ઓફ્લાઈન રજીસ્ટ્રેશન કોઇ પણ સંજોગોમાં માન્ય રહેશે નહિ. નોંધણી પામેલ ખેડૂતને નોંધણીની પાવતી આપવાની રહેશે.

ખેડૂતે આ પાવતી વેચાણ કરવા આવે ત્યારે સાથે લાવવાની રહેશે.

## ૯ ખરીદી એજન્સી દ્વારા ખરીદ કેન્દ્ર ખાતે સ્ટાફની નિયુક્તિ

**૯.૧** ખરીદી એજન્સીએ પ્રત્યેક ખરીદ કેન્દ્ર ખાતે સંપૂર્ણ દેખરેખ માટે એક વ્યક્તિ, ગુણવત્તા ચકાસણી માટે કાંટા દીઠ એક વ્યક્તિ અને તોલમાપની કામગીરીની ચકાસણી અને નોંધણી માટે કાંટા દીઠ એક વ્યક્તિ એ રીતે જવાબદાર વ્યક્તિઓની ખરીદ કેન્દ્ર ખાતે હાજરી સુનિશ્ચિત કરવાની રહેશે.

**૯.૨** દરેક ખરીદ કેન્દ્ર ખાતે સબંધિત જિલ્લા કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સંયુક્ત રીતે નીચે મુજબની સમિતી ની નિમણૂક કરશે.

તા.૨૭-૧૦-૨૦૧૮ સુધીમાં ખરીદી પ્રક્રિયા માટે ખરીદ પ્રક્રિયા માટેની સમિતી ના સ્ટાફની રોટેશન મુજબ નિમણુક કરશે

તેમાં અન્ય સરકારી કચેરીના કર્મચારીઓ નો પણ ઉપયોગ કરી શકશે તેના હુકમની નકલ અત્રેને મોકલવાની રહેશે.

આ સમિતિ નો દર અઠવાડીએ રોટેશન મુજબ હુકમ કરશે તથા કોઈ પણ સમિતિ તેના પછી ના વીકમાં તે જગ્યાએ ફરજ પર ન હોઈ તે અંગે ખાત્રી રાખશે.

**૯.૩** ખરીદીની પ્રક્રિયા એપીએમસીમાં જ થશે તથા ખરીદ કેન્દ્રોની યાદીમાં માં દર્શાવેલ ૨૫ % ની મર્યાદા જળવાય તે અંગે કલેકટરશ્રી ખાત્રી કરશે.

**૯.૪** ખરીદ પ્રક્રિયા માટેની સમિતીમાં નીચે મુજબ ના અધિકારીશ્રી/ કર્મચારી શ્રી ઓ રહેશે

ગોડાઉન મેનેજર

નાયબ મામલતદાર

પંચાયત વિભાગના  નાયબ ચિટનિશ / વિસ્તરણ અધિકારી ખેતી / સહકાર / પંચાયત / આંકડા

નાફેડ ના પ્રતિનિધિ

ગ્રામ સેવક તથા એપીએમસી ના પ્રતિનિધિ અથવા સહકાર વિભાગના કર્મચારી ગ્રેડર તરીકે ગુણવત્તા ચકાસણીની કામગીરી કરશે.

ગુણવત્તા ચકાસણી ના  ગ્રેડિંગ રિપોર્ટ તૈયાર કરી તેની ચકાસણી માટે જેતે તાલુકા ના નાયબ મામલતદારશ્રી તથા ,ગોડાઉન મેનેજર , વિસ્તરણ અધિકારી વગેરે ની સહી કરાવી ને તેની નકલ પોતાની પાસે રાખશે અને અસલ ગોડાઉન મેનેજર ને આપશે.

ગોડાઉન મેનેજર આ અસલ આ ખરીદી અંગે ના પોતાના અન્ય રેકોર્ડ સાથે રાખશે.

ઉપરોક્ત વ્યવસ્થા સુચારૂ રૂપે થાય તે માટે કલેકટરશ્રી યોગ્ય ફેરફાર કરી શકશે.

**૯.૫** ખરીદ કેન્દ્ર ખાતે જરૂરી ગુણવત્તા મુજબનું જ ખેત ઉત્પાદન ખરીદ કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવા જીલ્લા કલેકટર શ્રી દ્વારા સ્ટાફની નિયુક્તિ કરવાની રહેશે.

**૯.૬** ખરીદ કેન્દ્રો ખાતે જીલ્લા કલેકટર શ્રી દ્વારા  કોમ્પ્યુટર, પ્રિન્ટર અને સ્કેનર જરૂરી માત્રામાં ઉપલબ્ધ રાખી ખેડૂતોનો વધુ ધસારો ન થાય એ રીતે એન્ટ્રી પ્રક્રિયા કરવાની રહેશે.એન્ટ્રી સમયે ખેડૂતોના નામ સરનામા સહિતની વિગતો સાથે આધાર કાર્ડ નંબર, બેન્ક એકાઉન્ટ નંબર,૭-૧૨,૮અ ની વિગતો તેમજ ફોર્મ નંબર ૧૨માં ખરીદી કરવાના થતા પાક હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે તે વિગતોની એન્ટ્રી કરવાની રહેશે.

## ૧૦ ખેડૂતોને ખરીદી માટે સમયની જાણ

**૧૦.૧** નોંધણી પામેલ ખેડૂતોની સંખ્યા અને તેમના દ્વારા થયેલ રજીસ્ટ્રેશન ના ક્રમ અનુસાર ખેડૂતોને વેચાણ માટે આવવા અંગે સમય, તારીખ અને વેચાણ માટે લાવવાનો થતો મહત્તમ જથ્થા સહિતની વિગતો સાથે એસ.એમ.એસ અથવા તો અન્ય માધ્યમ મારફત ખરીદ એજન્સીએ આગોતરી જાણ કરવાની રહેશે.

**૧૦.૨** કોઇ કિસ્સામાં જાણ કર્યા બાદ નિયત સમયે ખેડૂત વેચાણ માટે ના આવી શકે તો તે પછીના અઠવાડિયામાં, વેચાણ માટે ન આવી શકેલ ખેડૂતોને તક આપવી જોઇશે.

**૧૦.3** વેચાણ માટે ન આવી શકેલ ખેડૂતને બીજી વખત તક આપવાના કિસ્સામાં તે પછીના અઠવાડિયાના દિવસોમાં તે દિવસ માટે વેચાણ માટે બોલાવવાના થતા ખેડૂતોની સંખ્યામાંથી મહત્તમ ૧૦% ખેડૂત ઓછા કરી એમની જગ્યાએ અગાઉના અઠવાડિયામાં વેચાણ ન કરી શકેલ ખેડૂતોનો સમાવેશ કરવાનો રહેશે.

**૧૦.૪** ખેડૂત પાસેથી મહત્તમ ખરીદ મર્યાદા અને પ્રતિ દિન ખરીદી માટેની મર્યાદાને કારણે કોઇ ખેડૂતને એક થી વધુ દિવસ આવવાનું થતું હોય તો નોંધણી થયેલ તમામ ખેડૂતોને એક વખત વેચાણ માટેનો અવસર આપ્યા બાદ જ ખેડૂતોને બીજી વખત આવવા માટે અલગથી જાણ કરવાની રહેશે.

## ૧૧ ખરીદ કેન્દ્ર ખાતે ખેડૂતોનું આગમન

**૧૧.૧** ખેડૂતોને જાણ કરવામાં આવ્યા મુજબ તારીખ અને સમયે વેચાણ માટે હાજર રહેવાનું રહેશે. ખેડૂતોએ માટી કાંકરા અને અન્ય કચરો ન હોય તે રીતે સાફ કરી ગુણવત્તાયુક્ત ઉત્પાદન વેચાણ માટે લાવવાનું રહેશે.

**૧૧.૨** ખેડૂતોએ નોંધણી સમયે આપવામાં આવેલી પાવતી લાવવાની રહેશે અને કેન્દ્ર ખાતે રજૂ કરવાની રહેશે.જો કોઈ કારણથી નક્કી કરેલ સમયે વેચાણ માટે ઉપસ્થિત ન થઈ શકે તે કિસ્સામાં ખેડૂતે કેન્દ્રને જાણ કરવાની રહેશે. ખરીદ કેન્દ્રએ જાણ કર્યાના સાત દિવસની મર્યાદામાં વેચાણ કરી શકે તે રીતે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

**૧૧.૩** ખરીદ કેન્દ્ર ખાતે સ્થાનિક કક્ષાએથી સંકલનમાં રહી ખેડૂતોને અગવડ ન પડે તે રીતની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

**૧૧.૪** ખરીદ કેન્દ્ર ખાતે ખેડૂતોનો ધસારો ના થાય અને કોઇ અવ્યવસ્થા ન સર્જાય તે માટે જિલ્લા તંત્રએ વ્યવસ્થા જાળવવાની રહેશે.

## ૧૨ ગુણવત્તાની ચકાસણી

ખેડૂત વેચાણ માટે ઉત્પાદન લઈને આવે ત્યારે ભારત સરકાર દ્વારા જે તે પાક માટે નક્કી થયેલા ધારાધોરણો (એફ.એ.ક્યુ.) મુજબ ગુણવત્તાની ચકાસણી કરવાની રહેશે.જે બાબત કલેકટર શ્રી સુનિશ્ચિત કરશે.

## ૧૨.૧ મગફળી માટે ગુણવત્તાના ધારાધોરણ

**૧૨.૨** ખેડૂત મગફળીનો જથ્થો લઈને આવે ત્યારે ચારેય બાજુ જુદી-જુદી જગ્યાએથી તેમજ ઉપર નીચેથી મગફળીના (૨) સેમ્પલ લેવાના રહેશે. જેમાંથી એક સેમ્પલ ગુ.રા.ના.પુ.ની ને મોકલી આપવાનું રહેશે તથા એક સેમ્પલ જે તે જીલ્લાના ગુ.રા.પુ.ની ના ગોડાઉન ખાતે રાખવાનું રહેશે

આ સેમ્પલ માંથી ૨૦૦ ગ્રામ મગફળી સેમ્પલ તરીકે લઈને તેની વિવિધ ચકાસણી કરવાની રહેશે.

**૧૨.૩** આ ચકાસણીમાં મોટી મગફળીમાં ૬૫% નો અને નાની મગફળીમાં ૭૦%નો ઉતારો હોય તેમજ વિદેશી અશુધ્દ્ધિઓ બે ટકાની મર્યાદામાં, તૂટેલા પોડ અથવા દાણા બે ટકાની મર્યાદામાં, અન્ય પોડ મિશ્રણ દાણા ચાર ટકાની મર્યાદામાં, ચીમળાયેલા અને અપરિપક્વ પોડ ચાર ટકાની મર્યાદામાં તથા જીવાતથી કાણા પડેલ દાણાની સંખ્યા એક ટકાની મર્યાદામાં હોવી જોઈશે.

જે બાબત કલેક્ટર શ્રી સુનિશ્ચિત કરશે.

**૧૨.૪** લીધેલ સેમ્પલ નું ૨૦૦ ગ્રામ વજન કરવા માટે તેમજ ઉતારાનું વજન કરવા માટેનો વજન કાંટો ખરીદ કેન્દ્ર ખાતે એજન્સીએ રાખવાનો રહેશે.

**૧૨.૫** મગફળીમાં ભેજના ટકા મહત્તમ આઠ ટકા હોવા જોઇશે.

ભેજની માત્રાની ચકાસણી માટે ખરીદ કેન્દ્ર ખાતે ખરીદ એજન્સીએ કેલિબ્રેટ થયેલ મશીન ઉપલબ્ધ કરાવવાનું રહેશે.

જે બાબત કલેક્ટર શ્રી સુનિશ્ચિત કરશે.

## ૧૩ તોલ અને ખરીદી

તોલ અને ખરીદી સુચારૂ રૂપે થાય તે માટે કલેક્ટરશ્રી સુનિશ્ચિત કરશે,.

**૧૩.૧** ખેડૂતો દ્વારા લાવવામાં આવેલ મગફળી નો માલ યોગ્ય રીતે ઊતરે તે માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા તાલુકાવાર મંજૂર કરેલ, મજૂર ઇજારદાર દ્વારા મજૂરો પૂરા પાડવાના રહેશે કોઈ સંજોગોમાં સ્થાનિક મજૂરોની જરૂરીયાત રહે તો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા મંજૂર કરેલ મજૂર ઇજારદારના નક્કી થયેલ ભાવો મુજબ સ્થાનિક મજૂરો રાખી શકાશે.

**૧૩.૨** ગુણવતાના ધારાધોરણ મુજબ યોગ્ય લાગેલ ખેત ઉત્પાદન તોલ કરી લેવાનું રહેશે. યોગ્ય રીતે તોલ થાય અને તેની નોંધણી થાય તે માટે નિયુક્ત થયેલ સ્ટાફની સમિતિના દરેક વ્યક્તિએ દેખરેખ રાખવાની રહેશે.

**૧૩.૩** સેન્ટ્રલ નોડલ એજન્સી નાફેડના પ્રતિનિધિ એ પણ  જરૂરી ગુણવત્તા મુજબની જ ખરીદી કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**૧૩.૪** વેચાણ થયેલ જથ્થાની વિગત અને તેની કિંમતની વિગત ખરીદ કેન્દ્રએ પોર્ટલમાં એન્ટ્રી કરવાની રહેશે.

**૧૩.૫** વેચાણ થયેલ જથ્થાની વિગત અને તેની કિંમતની વિગત સહિતની પહોંચ ખરીદ કેન્દ્ર દ્વારા ખેડૂતને આપવાની રહેશે.

**૧૩.૬** ગુણવત્તામાં નાપાસ થયો હોય એવા કિસ્સામાં ખેડૂતને જાણ કરી જે તે ખેડૂતનો નાપાસ થયેલા જથ્થાની વિગત જે તે ખેડૂત સામે સોફ્ટવેરમાં એન્ટ્રી કરવાની રહેશે.

**૧૩.૭** ગુણવત્તામાં નાપાસ થયો હોય એવા કિસ્સામાં ખેડૂતની નોંધણીને આધારે મહત્તમ વેચાણ માટેની મર્યાદામાંથી આ જથ્થો બાદ કરવાનો રહેશે.

**૧૩.૮** ખેડૂતનો બીજી વખત વેચાણ માટે વારો આવતો હોય તો મહત્તમ વેચાણ મર્યાદામાંથી પ્રથમ વખત નાપાસ ઠરેલ જથ્થાની બાદબાકી કરી બીજી વખત માટે વેચાણ જથ્થાની મર્યાદા નક્કી કરવાની રહેશે.

**૧૩. ૯**પ્રત્યેક મોટા ખરીદી કેન્દ્ર ખાતે કુલ ૧૦(દસ) મોટા વજન કાંટા અને  નાના કેન્દ્ર ખાતે કુલ પ(પાંચ)  મોટા વજન કાંટા મૂકવામાં આવશે

**૧૩.૧૦** પ્રત્યેક મોટા ખરીદી કેન્દ્ર ખાતે  સેમ્પલિંગ માટે કુલ ૧૦ નાના ત્રાજવા અને નાના કેન્દ્ર ખાતે પ નાના ત્રાજવા મૂકવામાં આવશે

## **૧૪ ખરીદ મર્યાદા**

રાજ્યમાં ટેકાના ભાવ હેઠળ ખરીદીમાં રાજ્યના જે તે પાકના અંદાજિત કુલ ઉત્પાદનના મહત્તમ ૨૫ % મર્યાદા રહેશે. કુલ ઉત્પાદનના ૨૫ % ની મર્યાદા જે તે જિલ્લાને પણ લાગુ પદશે અને જિલ્લાના અંદર ખરીદી માટેનું આયોજન, કેન્દ્રોની સંખ્યા અને જિલ્લાના કુલ ઉત્પાદનના મહત્તમ ૨૫% ના જથ્થાની ગણતરીના આધારે કરવાનું રહેશે.

**૧૪.૧** પ્રતિ ખેડૂતના મગફળીના વાવેતર વિસ્તારની મર્યાદામાં હેક્ટર દીઠ મહત્તમ ૧૮૩૬ કિગ્રા મગફળીનો જથ્થો ખરીદી શકાશે.

પ્રતિ ખેડૂત પાસેથી પ્રતિ દિન મહત્તમ ૨૫૦૦ કિગ્રા મગફળી ખરીદી શકાશે. મગફળી પ્રતિ બોરી ૩૫ કિગ્રાની ભરતી રહેશે.

## **૧૫ ખરીદ પ્રક્રિયાનું સર્વેલન્સ**

**૧૫.૧** જિલ્લા કલેક્ટર શ્રી એ ખરીદી કેન્દ્ર ખાતે દરરોજ ની ખરીદી પ્રક્રિયા નું વિડીયો રેકોર્ડીંગ કરાવવાનું રહેશે.તથા વિડીયો રેકોર્ડીંગ ની યોગ્ય રીતે જાળવણી થાય તે સુનિશ્ચિત કરશે.

**૧૫.૨** જિલ્લા કલેક્ટર શ્રી એ ખરીદી કેન્દ્ર ખાતે દરરોજ સર્વેલન્સ માટે વર્ગ-૧ ના નાયબ કલેક્ટર કક્ષા ના અધિકરી શ્રી ની આગેવાની હેઠળ પોલીસ અધિકારી પણ સભ્ય હોય તેવી સ્કવોડ ની રચના કરી જેતે ખરીદ કેન્દ્ર ની સમયાંતરે ચકાસણી કરવવાની રહેશે.

**૧૫.૩** જે તે તાલુકા મામલતદાર શ્રી એ તથા જેતે તાલુકા ના પોલીસ અધિકારી શ્રી એ કાયદો અને વ્યવસ્થા ની જાળવણી માટે દરરોજ ખરીદ કેન્દ્ર ની ચકાસણી કરવવાની રહેશે.

**૧૫.૪** તદઉપરાંત ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા રીજીયોનલ કક્ષાએ ગુણવત્તા ચકાસણી અંગે ઈલાયદી ફ્લાઈંગ સ્કોડ રાખવામા આવશે.

**૧૫.૫** સહકાર વિભાગ હસ્તકના જિલ્લાકક્ષાના તંત્રએ પોતાના જિલ્લામાં થતી ખરીદ પ્રક્રિયાનું રોજેરોજ મોનીટરીંગ થાય તે રીતે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

**૧૫.૬** જિલ્લા વહીવટી તંત્રે પુરવઠાતંત્ર મારફત આ સમગ્ર પ્રક્રિયાનું રોજે-રોજ મોનીટરીંગ થાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

**૧૫.૭** ખરીદ પ્રક્રિયાના નિયમિત મોનીટરીંગ માટે જિલ્લા કલેકટરે ફ્લાઇંગ સ્કવોડની રચના કરવાની રહેશે.

**૧૫.૮** ખરીદ કરનાર એજન્સીએ સમગ્ર ખરીદ પ્રક્રિયા, કાયદાકીય પ્રક્રિયા, નાણાકીય હિસાબો નિયમિત નિભાવવાના રહેશે.

**૧૬ ખરીદી કરેલ ખેત ઉત્પાદન મગફળી નું પેકિંગ માટે બારદાનની ઉપલબ્ધી**

**૧૬.૧** ખરીદ એજન્સીએ રાજ્ય સરકારના સહયોગમાં રહી યોગ્ય ધારાધોરણો વાળા બારદાનની ઉપલબ્ધી ખરીદ કેન્દ્ર ખાતે રહે એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

**૧૬.૨** બારદાનના ધારાધોરણો માટે ભારત સરકારે નક્કી કરેલા ધારાધોરણો અપનાવવાના રહેશે.

**૧૬.3** સ્ટેટ નોડલ એજન્સીએ બારદાનની વ્યવસ્થા ટેન્ડર પધ્ધતિથી અથવા જ્યુટ કમિશ્નર મારફત અથવા ભારત સરકાર ધ્વારા ખરીદી માટે નિયુક્ત કોઇ પણ સેન્ટ્રલ નોડલ એજન્સી મારફતે ખરીદી કરી શકશે.

જીલ્લા કલેક્ટર શ્રી એ ખરીદી કરેલ ખેત ઉત્પાદન મગફળી નું પેકિંગ GSCSCL દ્વારા અપાયેલ બારદાન માં પેકીંગની કાર્યવાહી થાય એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

જીલ્લા કલેક્ટર શ્રી એ ખરીદી કરેલ ખેત ઉત્પાદન મગફળી નું પેકિંગ માટે GSCSCL ના સહયોગમાં રહી યોગ્ય ધારાધોરણો વાળા બારદાનની ઉપલબ્ધી ખરીદ કેન્દ્ર ખાતે રહે એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

જીલ્લા કલેક્ટર શ્રી એ ખરીદી કરેલ ખેત ઉત્પાદન મગફળી નું પેકિંગ માટે100 કિગ્રા ના બારદાનના ધારાધોરણો માટે ભારત સરકારે જ્યુટ બેગ ના નક્કી કરેલા ધારાધોરણો અપનાવવાના રહેશે એ બાબત સુનિશ્ચિત કરવાની રહેશે

બારદાનની સિલાઈની વ્યવસ્થા જે તે ખરીદ કેન્દ્ર ઉપર કરવાની રહેશે અને તે પણ મશીનથી કરવાની રહેશે.

## ૧૭ ખેત ઉત્પાદન મગફળી ની ભરતી

પ્રત્યેક બારદાનમાં પ્રત્યેક પાક માટે નક્કી થયેલા જથ્થાની મર્યાદા મુજબ વજન કરી ભરતી કરવાની રહેશે. પ્રતિ બારદાન ભરતી કરવાના જથ્થાની મહતમ મર્યાદામાં બારદાનનું વજન ગણવાનું રહેશે નહીં.

## ૧૮ બારદાન સાથે રાખવાની થતી માહિતી

**૧૮.૧** પેકિંગ કરતી વખતે બારદાન માં સિલાઈ મારતા પહેલા ફ્લેક્ષ બેનર માં જે પ્લાસ્ટિક નું કાપડ આવે છે તેવા કાપડ માં પ્રિ-પ્રિન્ટેડ વિગતો જેવી કે ખરીદી નું વર્ષ , ખરીદ સેન્ટર નું નામ, તાલુકો,જિલ્લો ,કોમોડિટી એટલે કે મગફળી, વજન જેવી બાબતો પ્રિ- પ્રિન્ટેડ કરાવી થાય તેવી રીતે ટેગિંગ  કરી ને લાંબો સમય જળવાય તે રીતે બારદાન ની સિલાઈ માં જ આ ટેગ લગાવી દેવી.

## ૧૯ વેરહાઉસ ખાતે સ્ટાફ ની નિમણૂક

દરેક ખરીદ કેન્દ્ર ખાતે મગફળી નો જથ્થો ખરીદાય અને ટ્રાન્સપોર્ટેશન કરી ને જે વેરહાઉસ ખાતે સ્ટોરેજ કરવાનો છે તે વેરહાઉસ ખાતે સબંધિત જિલ્લા કલેકટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સંયુક્ત રીતે નીચે મુજબની સમિતી તા.૨૭-૧૦-૨૦૧૮ સુધીમાં સ્ટાફની રોટેશન મુજબ નિમણુક કરશે તથા તેમાં અન્ય સરકારી કચેરીના કર્મચારીઓ નો પણ ઉપયોગ કરી શકશે તેના હુકમની નકલ અત્રેને મોકલવાની રહેશે.

આ સમિતિ માં નીચે મુજબ ના કર્મચારી ઓ રહેશે

નાયબ મામલતદાર શ્રી

માર્ગ અને મકાન વિભાગ ના કર્મચારી (એંન્જિનિયર કક્ષા ના કર્મચારી ની પહેલી પસંદગી કરવી)

નાફેડ ના કર્મચારી

વખાર નિગમ ના કર્મચારી કે જે ગોડાઉન સંભાળશે.

ખરીદ કરેલ જથ્થાના સંગ્રહ કરવા અંગે ની વ્યવસ્થા કરવાની સંપૂર્ણ જવાબદારી ગુજરાત રાજ્ય વખાર નિગમ ની રહેશે

## ૨૦ સ્ટોરેજ માટે વેરહાઉસની પસંદગી

ગુજરાત રાજ્ય વખાર નિગમે ખેતી નિયામક ધ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ઉત્પાદનના અંદાજોના આધારે જે તે તાલુકા/જિલ્લા ખાતે વેરહાઉસની ઉપલબ્ધિ રહે તેનું આગોતરૂ આયોજન કરવાનું રહેશે.

GSWC એ પોતાના ગોડાઉન ઉપરાંત ટેકાના ભાવ હેઠળ ખરીદ કરવામાં આવેલા જથ્થાના સંગ્રહ માટે વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવામાં આવેલ હોય એવા વેરહાઉસની પસંદગી કરવાની રહેશે.

**૨૦.૧** પસંદગી કરવામાં આવેલા વેરહાઉસ સંભવિત કુદરતી હોનારતો જેવા કે ભારે વરસાદ પૂરની પરિસ્થિતિમાં સંગ્રહ થયેલ ઉત્પાદનને નુકશાન ન પહોંચે તેવા હોવા જોઇશે. વેર હાઉસ ખાતે ફાયર સેફ્ટીની સુવિધા હોવી જોઈશે.

વેર હાઉસ ખાતે ચોકીદાર સહિત સીસીટીવી કેમેરાના રેકોર્ડીંગ સહિતની સુવિધા હોવી જોઈશે

**૨૦.૨ વેરહાઉસનો વીમો લીધેલો હોવો જોઈશે**.

**૨૦.૩** વેરહાઉસમાં ગુજરાત રાજ્ય વખાર નિગમ, સેન્ટ્રલ વેર હાઉસિંગ કોર્પોરેશન, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન જેવા સરકારી સાહસો હસ્તકના વેરહાઉસને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

વધુ વેરહાઉસની જરૂર જણાય તો ગુજરાત રાજ્ય વખાર નિગમ મારફત સહકારી અથવા ખાનગી માલિકીના વેરહાઉસ ભાડે મેળવી શકાશે.

**૨૦.૪** સહકારી અથવા ખાનગી માલિકીના વેરહાઉસ ભાડે રાખવાના કિસ્સામાં ગુજરાત રાજ્ય વખાર નિગમે પારદર્શક પ્રક્રિયાનો અમલ કરવાનો રહેશે.

**૨૦.૫** સરકારી સાહસો હસ્તકના અથવા ભાડેથી લીધેલ વેરહાઉસને સ્ટોરેજ માટેના દરનું ચુકવણું ગુજરાત રાજ્ય વખાર નિગમ દ્વારા નક્કી થયેલા દર મુજબ કરવાનું રહેશે.

**૨૦.૬** પ્રત્યેક ખરીદ કેન્દ્ર પરથી ૩૦ કિલોમીટરની મર્યાદામાં સંગ્રહ કરી શકાય તે માટે અગાઉથી વેરહાઉસની પસંદગી કરી ક્યા વેરહાઉસમાં કેટલો જથ્થો મોકલવાનો થાય છે તેનું આગોતરું મેપિંગ ગુજરાત રાજ્ય વખાર નિગમના પરામર્શ મુજબ કરવાનું રહેશે.

કોઇ કિસ્સામાં ૩૦ કિલોમીટરથી વધુ ટ્રાંસ્પોર્ટેશન કરી સંગ્રહ કરવાની જરૂરિયાત હોય તો તે બાબતના નિર્ણય માટે જિલ્લા કક્ષાની ડિસ્ટ્રીકટ લેવલ મોનિટરીંગ કમિટી દ્વારા જરૂરી જસ્ટીફીકેશન તથા આભિપ્રાય સાથે સ્ટેટ લેવલ મોનિટરીંગ કમિટી ને દરખાસ્ત કરવાની રહેશે અને મંજૂરી મળયા બાદ તે વેરહાઉસ ભાડે રાખી શકાશે

**૨૦.૭** ગોડાઉન ભાડે રાખતા પહેલા જીલ્લા કલેકટર શ્રી એ તેની કમિટી માં ગોડાઉન અંગેના તમામ પેરામીટર્સ ચેક કરી લેવાના રહેશે તથા ગોડાઉનની પસંદગી પારદર્શક રીતે થાય તે કલેકટરશ્રી સુનિશ્ચિત કરશે જેમ કે પૂરતું હવા

ઉજાશ ની સગવડ, મજબૂત ફ્લોરિંગ ગ્રાઉંડ લેવલ થી ઓછા માં ઓછી ૨ ફૂટ ઊંચું, મજબૂત શટર ,વરસાદ ના પાણી થી બચાવ,ગોડાઉન સુધી પહોંચવાં માટે ટ્રકો ની અવર જવર માટે રસ્તા ની સગવડ. અગ્નિ શામક યંત્ર ની સગવડ , લોક અને  કી ની સગવડ

**૨૦.૮** ગોડાઉન ભરાઈ જાય ત્યારે સીલ કરવું જોઈએ

## ૨૧ વેર હાઉસ ખાતે ખરીદ કરેલ જથ્થો પહોંચતો કરવો

**૨૧.૧** ખરીદી કર્યાના દિવસે જ અથવા મોડા માં મોડા બીજા દિવસે મેપિંગ કરેલ વેરહાઉસ ખાતે ખરીદ કરેલ જથ્થો પહોંચતો કરવાનો રહેશે.

**૨૧.૨** ખરીદેલ જથ્થો સંગ્રહ કરવા માટેનું વેરહાઉસ ખરીદ કેન્દ્રથી ૩૦ કિલોમીટરની ત્રિજ્યાની મર્યાદામાં હોવું જોઈશે.

**૨૧.૩** કોઇ કિસ્સામાં ૩૦ કિલોમીટરથી વધુ ટ્રાંસ્પોર્ટેશન કરી સંગ્રહ કરવાની જરૂરિયાત હોય તો તે બાબતના નિર્ણય માટે જિલ્લા કક્ષાની ડિસ્ટ્રીકટ લેવલ મોનિટરીંગ કમિટી અધિકૃત રહેશે.

## ૨૨ વેરહાઉસ ખાતે ખરીદ કરેલ જથ્થાનો સંગ્રહ કરવો

**૨૨.૧** ખરીદ કેન્દ્ર ખાતેથી વેરહાઉસ ખાતે આવેલ જથ્થાની સેન્ટ્રલ નોડલ એજન્સીના તાંત્રિક સ્ટાફ, ખરીદ કરનાર એજન્સીના તાંત્રિક સ્ટાફ અને વેરહાઉસના તાંત્રિક સ્ટાફે ચકાસણી કરવાની રહેશે.

**૨૨.૨** વેરહાઉસ ખાતે આવેલ જથ્થાની યોગ્ય રીતે જાળવણી કરવાની જવાબદારી ગુજરાત રાજ્ય વખાર નિગમની રહેશે.

## ૨૩ વેરહાઉસ રીસીપ્ટ અને ઇન્સ્યોરન્સ

**૨૩.૧** ખરીદ કેન્દ્ર ખાતે ખરીદ કરવામાં આવેલ જથ્થો તે જ દિવસે અથવા મોડામા મોડા બીજા દિવસે મેપિંગ કરેલ વેરહાઉસ ખાતે જમા કર્યાવ્યા બાદ વેરહાઉસ પહોંચ (WHR) જનરેટ કરી ખરીદ કરનાર એજન્સીને વખાર ખાતે નિયુક્ત સમિતિ ના તમામ સભ્યો ની સહી કરી પહોંચતી કરવાની રહેશે.

વેરહાઉસ પહોંચ (WHR) વેરહાઉસ ખાતે જથ્થો જમા થાય તેજ દિવસે ખરીદ એજન્સી ને GSWC દ્વારા આપવાની જવાબદારી GSWC ની રહેશે.

વેરહાઉસ ખાતે સંગ્રહ કરવામાં આવેલ જથ્થાના ઇન્સ્યોરન્સની જવાબદારી વેરહાઉસ કોર્પોરેશન ની રહેશે.

## ૨૪ ટ્રાન્સપોર્ટેશન

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા દરેક જીલ્લાવાઇસ ટ્રાન્સપોર્ટેશન ઇજારદાર નક્કી કરવામાં આવેલ છે તેના દ્વારા ખરીદ કેન્દ્ર થી નિયત કરેલ વેરહાઉસ સુધી ટ્રાન્સપોર્ટેસન ની કામગીરી કરવાની રહેશે

ટેકાના ભાવ હેઠળ ખરીદી કરવામાં આવેલો જથ્થો જી.પી.એસ ટ્રેકિંગથી સજ્જ વાહન મારફત કરવાનું રહેશે.

**૨૪.૧** જો જરૂર જણાય તો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા નક્કી કરવામાં આવેલ છે તે લાગુ કરવાના રહેશે.

**૨૪.૨** ખરીદ કેન્દ્ર ખાતેથી ટ્રાન્સપોર્ટેશન માટે લોડીંગ અને વેર હાઉસ ખાતે અનલોડીંગ માટે મજૂરીનું ચુકવણું ખરીદ એજન્સીએ કરવાનું રહેશે અને આ માટે ની કામગીરી જે તે તાલુકા માટે ગુ.રા.ના.પુ.ની ના નક્કી થયેલા મજુર ઇજારદાર કરશે જો અન્ય ઇજારદાર પાસે કામ કરાવવાનું થાય તો મજૂરીના દરો જે તે તાલુકા માટે ગુ.રા.ના.પુ.ની નક્કી થયેલા મજુર ઇજારદારના મજૂરીના દરો મુજબ હોવા જોઇશે.

**૨૪.૩** ટ્રાન્સપોર્ટેશન તેમજ મજુરીના દરો ઉપલબ્ધ ન થવાના અથવા તો વિસંગતતા ના કિસ્સામાં ડિસ્ટ્રીક્ટ લેવલ મોનિટરીંગ કમિટીએ સેન્ટ્રલ નોડલ એજન્સીના પરામર્શમાં રહી આખરી નિર્ણય લેવાનો રહેશે.

**૨૪.૪** જિલ્લા કલેકટરશ્રી ખરીદી કેન્દ્ર ખાતે દરરોજ ખરીદી થયેલ મગફળીનો જથ્થો યોગ્ય રીતે સુરક્ષીત રીતે ગુજરાત રાજ્ય વખાર નિગમ દ્વારા નક્કી થયેલ ગોડાઉન સુધી પહોંચી જાય તે સુનિશ્ચિત કરશે.

## 25 ખેડૂતોને ચુકવણું

**૨૫.૧** ખેડૂત દ્વારા ટેકાના ભાવે ખરીદ કરનાર એજન્સીએ ખેડૂત ના એકાઉન્ટમાં આર.ટી.જી.એસ. મારફત ચુકવણું કરી આપવાનું રહેશે.

**૨૫.૨** ખેડૂતને ઓનલાઈન ચુકવણું કર્યા અંગેની જાણ એસએમએસ મારફત કરવાની રહેશે.

**૨૫.૩** ઓનલાઈન પેમેન્ટ ફેલ થવાના કિસ્સામાં દિન-15 માં ફરીથી પેમેન્ટ કરી આપવાનું રહેશે.

## ૨૬ ખરીદ પ્રક્રિયાનું મોનીટરીંગ

**૨૬.૧** ખરીદ પ્રક્રિયાના રાજ્યકક્ષાના મોનીટરીંગ માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને રચિત કમિટી કાર્ય કરશે.

### ૨૬.૨ રાજય કક્ષાની સ્ટેટ લેવલ મોનિટરીંગ કમિટી

- મુખ્ય સચિવ – અધ્યક્ષ
- અધિક મુખ્ય સચિવ, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ– સભ્ય
- અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ – સભ્ય
- અગ્ર સચિવ,અ.ના.પુ.ગ્રા.બા.વિભાગ - સભ્ય
- અગ્ર સચિવ,પંચાયત વિભાગ - સભ્ય
- સચિવ,સહકાર – સભ્ય
- મેનેજિંગ ડિરેકટર, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ – સભ્ય

- મેનેજિંગ ડિરેક્ટર,ગુજરાત રાજ્ય વખાર નિગમ – સભ્ય
- નિયામક શ્રી અન્ન અને નાગરિક પુરવઠા– સભ્ય
- નિયામક એ.પી.એમ.સી. – સભ્ય
- સેન્ટ્રલ નોડલ એજન્સીના પ્રતિનિધી NAFED – સભ્ય
- ખેતી નિયામક – સભ્ય સચિવ

  જરૂર જણાય તો વધુ સભ્યોને કો-ઓપ્ટ કરી શકાશે.

**૨૬.૩** જિલ્લા કક્ષાએ ખરીદી પ્રક્રિયા અને વ્યવસ્થાના મોનિટરિંગ અંગે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને રચિત કમિટી કાર્ય કરશે.

**જિલ્લા કક્ષાની ડિસ્ટ્રીક્ટ લેવલ મોનિટરીંગ કમિટી**

- જિલ્લા કલેકટર – અધ્યક્ષ
- જિલ્લા વિકાસ અધિકારી – સભ્ય
- જિલ્લા પોલીસ વડા - સભ્ય
- નિવાસી અધિક કલેકટર – સભ્ય
- જિલ્લા રજિસ્ટ્રાર – સભ્ય
- જિલ્લા પુરવઠા અધિકારી – સભ્ય
- જિલ્લા ખેતીવાડી અધિકારી - સભ્ય સચિવ
- નાયબ જીલ્લા મેનેજર (ગ્રેડ-૨) ગુ.રા.ના.પુ.ની – સભ્ય
- ગુજરાત રાજ્ય વખાર નિગમ ના અધિકારી / પ્રતિનિધિ

  જરૂર જણાય તો વધુ સભ્યોને કો-ઓપ્ટ કરી શકાશે.

## ૨૭ નાણાકીય કાર્યરિતી

**૨૭.૧** ખરીદ પ્રક્રિયા માટે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે સ્ટેટ લેવલ એજન્સીને વર્કિંગ કેપિટલ પુરૂ પાડવાનું રહેશે.

**૨૭.૨** ટેકાના ભાવ હેઠળ ખરીદી માટે નક્કી થયેલ જથ્થાનાં મૂલ્ય અને ખરીદી માટે સામેલ ખર્ચ એમ કુલ મૂલ્યના ૧૫% મૂલ્યનું રિવોલ્વીંગ ફંડ ઉભું કરવાનું રહેશે.

**૨૭.૩** ખરીદ કેન્દ્રથી ૩૦ કિલોમીટરની મર્યાદામાં ટ્રાંસ્પોર્ટેશન માટે કેન્દ્ર સરકાર ખર્ચ ભોગવશે અને ૩૦ કિલોમીટરથી બહારના ટ્રાંસ્પોર્ટેશન માટેનો ખર્ચ રાજ્ય સરકારે વહન કરવાનો રહેશે.

**૨૭.૪** એ.પી.એમ.સી. ફી અંગે રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ધ્વારા કાર્યવાહી કરી ટેકાના ભાવ હેઠળ ખરીદી કરવામાં આવતી જણસીને માર્કેટ ફીમાંથી મુક્તિ આપવાની રહેશે અથવા આ માટેનો ખર્ચ રાજ્ય સરકારે ભોગવવાનો રહેશે.

| | | | |
|---|---|---|---|
| સીજીએમ | ખેતી નિયામક | એમ ડી | અગ્ર સચિવ |
| ગુ.રા.ના.પુ.ની | ગુ.રા | ગુ.રા.ના.પુ.ની | અ.ના.પુ.ગ્રા.બા.વિ |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

અધિક મુખ્ય સચિવ
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ગાંધીનગર